# જિલ્લા રમત ગમત અધિકારી કચેરી, ભાવનગર શહેર

જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જી-૧, એનેક્ષી બિલ્ડીંગ, બહુમાળી ભવન, ભાવનગર

**E Mail Add :-** dsobhavnagarcity09@gmail.com સંપર્ક નંબર – ૦૨૭૮-૨૪૨૨૭૬૫

જા.ક્ર-જીરગઅ/ખેમકૂ/રા.ક./ટે.ટે/૯૪૩૦ થી ૯૫૨૯ /૨૦૧૯-૨૦ તા.૦૪/૧૦/૨૦૧૯

પ્રતિ,

જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી તમામ,

જિલ્લા રમત ગમત અધિકારીશ્રી તમામ,

સિનિયર કોચશ્રી તમામ,

ગુજરાત રાજ્ય .

**વિષય –ખેલ મહાકુંભ ૨૦૧૯ રાજ્યકક્ષાની ટેબલ ટેનિસ અંડર ૧ (ભાઈઓ/બહેનો) સ્પર્ધા કાર્યક્રમ.**

**સંદર્ભ- સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના પત્ર ક્રમાંક - એસ.એ.જી./ખે.મ.કૂ-૧૯/૨૦૧૯-૨૦ તા. ૧૪/૧૦/૨૦૧૯ અન્વયે.**

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ખેલ મહાકુંભ ૨૦૧૯ અંતર્ગત રાજ્યકક્ષા અંડર ૧૪ વયજુથ (ભાઈઓ/બહેનો)ની ટેબલ ટેનિસ સ્પર્ધાનું આયોજન તા. ૧૨/૧૨/૨૦૧૯ થી ૧૫/૧૨/૨૦૧૯ દરમ્યાન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સિદસર, રોડ, ભાવનગર ખાતે કરવામાં આવનાર છે. જે અંગેની આપના જિલ્લાની ઓનલાઈન રજીસ્ટ્રેશન કરેલ KMK ID સાથેની પરિપત્ર સાથે સામેલ નમૂના મુજબની જ એન્ટ્રી તા. ૦૫/૧૨/૨૦૧૯ સુધીમાં dsobhavnagarcity09@gmail.com ઉપર ઇ-મેઈલથી અચૂક મોકલી આપવી તેમજ ખેલાડીને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી.

## ---રાજ્યકક્ષા અંડર ૧૪ ટેબલ ટેનિસ સ્પર્ધા કાર્યક્રમ---

- **સ્પર્ધા તારીખ -તા. ૧૨/૧૨/૨૦૧૯ થી ૧૫/૧૨/૨૦૧૯**
- **સ્પર્ધા/નિવાસ/રિપોર્ટિંગ સ્થળ - સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સિદસર, રોડ, ભાવનગર**
- **સંપર્ક નંબર – વિશાલ ડી. જોષી (પ્રાંત યુવા વિકાસ અધિકારી)- ૭૦૧૬૪૦૭૪૦૭**

  **ભાસ્કરભાઈ વ્યાસ (ક્લાર્ક) – ૯૦૧૬૨૦૬૭૬૪**

## અંડર ૧૪ (ભાઈઓ,બહેનો)

| ક્રમ | વયજુથ | રિપોર્ટિંગ તારીખ | રિપોર્ટિંગ સમય | સ્પર્ધાની તારીખ | સ્પર્ધાનો સમય |
|---|---|---|---|---|---|
| ૧ | અંડર ૧૪ ભાઈઓ, બહેનો | ૧૨/૧૨/૨૦૧૯ | બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં | ૧૨/૧૨/૨૦૧૯ | બપોરે ૦૨:૦૦ કલાકે |

પાનાં નં – ૨ ઉપર

## ખાસ નોંધ:

- નમૂના મુજબની એન્ટ્રી મોકલવી અને એન્ટ્રીમાં ફરજિયાત કોચ કમ મેનેજરનો સંપર્ક નંબર લખવાનો રહેશે.
- પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને અચૂકપણે આપવાની રહેશે. અને એન્ટ્રીની ઓરીઝનલ નકલ પણ સાથે લાવવાની રહેશે અને કોઈપણ ફેરફાર હોય તો જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી/સિક્કા સાથેની એન્ટ્રી સાથે લાવવાની રહેશે.
- પ્રવાસ ખર્ચના નાણાં મેનેજરના બેન્ક ખાતામાં કે ચેકથી ચૂકવવામાં આવશે. જેથી કેન્સલ ચેક અથવા બેન્ક ખાતાની વિગત સાથે લઈને આવવાનું રહેશે.
- મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા કરી આવવાનું રહેશે
- ઉત્તર ગુજરાતની ટીમોએ અમદાવાદથી ફેદરા –પીપળી .નારી ચોકડીથી આવવાનું રહેશે -
- દક્ષિણ ગુજરાતની ટીમોએ તારાપુરથી વટામણ ચોકડી-પીપળી .નારી ચોકડીથી આવવાનું રહેશે -
- સૌરાસ્ટ્રની ટીમોએ જે તે હેડ ક્વાટરથી સીધું ભાવનગર આવવાનું રહેશે.
- ભાગ લેનાર ખેલાડીની સંખ્યા ૫ + ૧ કોચ કમ મેનેજર એમ કુલ ૬ (છ) ની રહેશે.

## સ્પર્ધા અંગેની જરૂરી સૂચનાં

1. SGFIના નિયમ મુજબ ખેલાડીઓએ ફરજિયાત ૨૦ કૉલમ સાથેનું ઓરિઝનલ એલીજીબીટી એક નકલમાં જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી સિક્કા સાથેનું લાવવાનું રહેશે .
2. SGFIના નિયમ મુજબ ભાગ લેવા દેવામાં આવશે સ્પર્ધામાં આવનાર તમામ ટીમોને .પરિપત્ર મુજબ જ વ્યવસ્થા આપવામાં આવશે .
3. ટીમના દરેક ખેલાડીઓની ઓનલાઈન રજીસ્ટ્રેશનની પહોચ ફરજિયાત સાથે લાવવી તેમજ ઓનલાઈન આઇ.ડી. નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે. અને તેઓએ પોતાના એક જ વયજુથમાં ભાગ લેવાનો રહેશે. ખેલાડીએ ફરજિયાત પણે પોતાના આધારકાર્ડની ઝેરોક્ષ(ઓરિઝનલ સાથે) અને ભાગ લેનાર ખેલાડીઓના જન્મતારીખ/રહેઠાણના જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે.
4. સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજિયાત છે. સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પૂરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજરે ભરપાઈ કરવાની રહેશે. અને પ્રવાસ ભથ્થુ ચૂકવવામાં આવશે નહીં.
5. અંડર ૧૪ વયજુથમાં જે તે જિલ્લાની ટીમ સાથે કોચ કમ મેનેજર તરીકેનો એક જ વ્યક્તિએ જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી સિક્કાવાળો ઓર્ડર અને કોચની ઓનલાઈન થયેલ રસીદ ફરજિયાત પણે સાથે લઈ આવવાની રહેશે અન્યથા વિજેતા થયેલ ખેલાડીના કોચને રોકડ પુરસ્કાર આપવામાં આવશે નહીં.
6. સ્પર્ધા દરમ્યાન જો કોઇ ઇજા કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખેલાડી/કોચ કમ મેનેજરની રહેશે . સ્પર્ધા સ્થળે ઋતુ અનુસાર બેડીંગ સાથે લાવવું.

પાનાં નં - ૩ ઉપર

7. ભોજન/નાસ્તા સમયે જે તે ટીમ સાથે તે ટીમના મેનેજર/કોચે આવવાનું રહેશે અને શિસ્તબદ્ધ રીતે વર્તવાનું રહેશે.
8. સ્પર્ધા પૂર્ણ થયે તાત્કાલિક પરત જવાનું રહેશે.
9. જે સ્પર્ધકનું ઓન લાઇન રજીસ્ટ્રેશન કરેલ હશે અને ઓન લાઇન સ્લીપમાં જે ઇવેન્ટ દર્શાવેલ હશે તે જ ઇવેન્ટમાં ભાગ લેવા દેવામાં આવશે
10. જે તારીખે જે વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે અન્યથા નિવાસ ભોજનની/વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
11. સ્પર્ધા પૂર્ણ થયે તાત્કાલિક નિવાસ ખાલી કરી પરત જવાનું રહેશે.
12. સ્પર્ધા સ્થળે આવવા નીકળતા પહેલા આગળ દર્શાવેલ સંપર્ક નંબરમાં ફોન કરી સ્પર્ધા અંગેની વિગતો જાણી નિકળવા માટેની સૂચના મેનેજરને આપવાની રહેશે.

આપનો વિશ્વાસુ

(ડૉ.અરૂણ જે. ભલાણી)
જિલ્લા રમત ગમત અધિકારી
ભાવનગર શહેર

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

૧) માન.અગ્ર સચિવશ્રી, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર.
૨) માન.ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.
૩) માન.નિયામકશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ,ગાંધીનગર.
૪) માન.કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા ભાવનગર.
૫) માન.કલેક્ટરશ્રી, ભાવનગર.
૬) માન.સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.
૭) માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવનગર.
૮) માન.જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગર.(નિવાસ અને સ્પર્ધા સ્થળ પર જરૂરી બંદોબસ્ત ફાળવવા બાબત)
૯) માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર.
૧૦) માન.સિવિલ સર્જનશ્રી, ભાવનગર (સ્પર્ધા સ્થળ ઉપર ૧૦૮ની સેવાઓ પૂરી પાડવા બાબત)
૧૧) માન. આરોગ્ય અધિકારીશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર. (સ્પર્ધા સ્થળે મેડીકલ ટીમ ઉપસ્થિત રાખવા વિનંતી)
૧૨) માન.નાયબ માહિતી નિયામકશ્રી, ભાવનાગર (સ્પર્ધાની બહોળી પ્રસિદ્ધિ કરવા સારૂ.)
૧૩) માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી,વ્યાયામ શિક્ષક સંઘ, ભાવનગર ગ્રામ્ય/શહેર
૧૪) માન.સિનિયર કોચશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર તમામ. (ભાવનગર નિવાસ વ્યવસ્થા કરવા સારું)
૧૫) માન. હેડ કોચશ્રી/નોડલ અધિકારીશ્રી, ખેલ મહાકુંભ-૨૦૧૯ રાજ્યકક્ષા ટેબલ ટેનિસ સ્પર્ધા.
૧૬) માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય ટેબલ ટેનિસ એસોશિએશન